
November 2010 Volume 3 Issue 6

SHRI RAM CHANDRA MISSION®

India ECHOES
ONE WORLD ONE HUMANITY

For Private Circulation Only



"ધ્યાન કરીને, ક્રમે ક્રમે બધું જ દૂર કરો, ત્યાર પછીજ તમે અનુભવશો અને જો તમારી સાધના યથાર્થ હોય, નિયમિત હોય, દસ નિયમોના સિધ્ધાંતોને અનુરૂપ હોય, તો વિશિષ્ટ લક્ષણો સાથે તમે જન્મ્યા હતા, તેમ માનવાને બદલે હવે તમે એ જોઈ શકશો કે 'હું એવો આત્મા છું, જેને કોઈ જ લક્ષણ નથી."

ભારતભરના મિશનના કાર્યકર્તાઓ માટે રાખવામાં આવેલા – ચારિત્ર્ય નિર્માણ વિષય પરના સેમિનારમાં પૂ.માસ્ટરનુ વક્તવ્ય, ૯ ઓક્ટોબર ૨૦૧૦, ચેન્નાઈ.

૨૧મી સપ્ટેમ્બરે, નોર્થ અમેરિકન સંમેલનની પૂર્ણાહુતિ પછી, પૂ.માસ્ટરે એમનો સમય આશ્રમ અને ગાયત્રી ખાતે ગાળ્યો હતો. સોમથી શુક્ર, તેઓ ગાયત્રી જતા હતા અને શનિ–રવિ આશ્રમમાં રહેતા હતા. ગાયત્રીમાં તેઓ અભ્યાસીઓને મળતા હતા અને કોઈ કોઈવાર સત્સંગ પણ કરાવતા હતા.

ગાયત્રીમાં, એક દિવસ કોફી પીધા પછી, ડૉક્ટર અને દરદી વચ્ચેના સંબંધ વિશે જ્યારે તેઓ વાત કરી રહ્યા હતા, ત્યારે એમણે કહ્યું હતું, "શ્રધ્ધાની ગેરહાજરીમાં, ડર લાગતો હોય છે."

૯મી થી ૨૩મી સપ્ટેમ્બર સુધીનાં પૂરાં બે અઠવાડિયાં, એમણે આશ્રમમાં ગાળ્યાં હતાં.

૧૬મી સપ્ટેમ્બરે, પુડુચેરી(પહેલાંનું પોંડીચરી)ની, એક દિવસ માટે માસ્ટરે મુલાકાત લીધી હતી. પુડુચેરી, કુડાલોર, વિલ્લુપ્પુરમ અને નેયવેલીથી આવેલા લગભગ ૬૦ અભ્યાસીઓ અને ૨૦ બાળકોએ, હોટેલ ડ્યુન ઈકો રિસોર્ટ ખાતે એમણું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. મુલાકાતી અભ્યાસીઓ માટે, સત્સંગ, ભોજન અને રહેવાની વ્યવસ્થા, પુડુચેરીની જવાહર નવોદય વિદ્યાલય સ્કૂલમાં કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ સાંજે, માસ્ટરનું સ્વાગત કર્યું હતું. અને એમના સત્સંગ કરાવ્યા પછી, એમણે થોડાં ભજનો ગાયાં હતાં.

૧૭મીએ સવારે, માસ્ટરે સત્સંગ કરાવ્યો હતો, ત્યાર પછી, ભાઈ અજય ભટ્ટરે, ભાષણ આપ્યું હતું. બહેન વિર્જીને, સર્જનાત્મક કથક ઢબમાં, સુંદર નૃત્ય કર્યું હતું. શાળાના સ્ટાફમાંથી લગભગ ૧૦૦ સભ્યોએ, ધ્યાન કરવાની એમની ઈચ્છા વ્યક્ત કરી હતી. માસ્ટરે એમનો સમય, એમની સાથે આવેલા, નાના જૂથ સાથે આરામ કરતાં કરતાં, વાતો કરવામાં વિતાવ્યો હતો. ૪.૪૫ વાગે, માસ્ટર ચેન્નાઈ જવા રવાના થયા હતા. અહીંના અભ્યાસીઓના નાના જૂથ માટે, માસ્ટર સાથે રહેવાની અણધારી અને આકસ્મિત ભેટ હતી.

માસ્ટરે ઓમેગા સ્કૂલની મુલાકાતો કેટલીકવાર લીધી હતી.



એકવાર, છાત્રાલયના વિદ્યાર્થીઓ સાથે સાંજનું ભોજન લીધું હતું અને બીજીવાર, શાળાની ક્રિકેટ મેચ જોઈ હતી. વિદ્યાર્થીઓના એક જૂથના, ગીતો સાંભળ્યા પછી, માસ્ટરે કહ્યું હતું કે શાળામાં વધારેને વધારે સંગીતના કાર્યક્રમ થાય, એવી એમની આશા છે. આ મુલાકાત દરમિયાન, એમણે વધારે વિવેકબુદ્ધિ પ્રાપ્ત કરવી જોઈએ. એમણે એમ પણ કહ્યું હતું, કે શાળા હાર્વડ જેવી થાય એના કરતાં આધ્યાત્મિક થાય, તે એમને માટે વધારે મહત્વનું છે. સામાન્ય રીતે ચેન્નાઈમાં અભ્યાસીઓ હમણાં ઘણા ખુશ છે કારણકે માસ્ટર બે મહિના કરતાં વધારે સમય અહીં જ રહ્યા છે અને અહીંના અભ્યાસીઓને









એમના દર્શનનો લહાવો ઘણીવાર મળ્યો છે. સ્થાનિય લોકો તેમની ઓફિસમાં અવરજવર કરી શકે છે અને તેથી લોકો એમને વધારે ને વધારે સમય મળી શકે છે અને સોમથી શુક્ર, સાંજે કોઈ કોઈ વાર તેઓ સત્સંગ કરાવતા ત્યારે અહીંના અભ્યાસીઓ સાથે પૂજામાં પણ બેસે છે.

રવિવારના સત્સંગો, દરેકે દરેક જણના હૃદયમાં આનંદ રેલાવે છે. દર રવિવારે માસ્ટરને સત્સંગમાં આવતા જોઈને, જાણે એવું લાગે છે કે દરેક અભ્યાસી, અઠવાડિયા સુધી આતુરતાપૂર્વક રવિવારની રાહ જોઈ રહ્યા હશે. હુબલી, ડીંડીગુલ અને બીજાં સેન્ટરોમાંથી અભ્યાસીઓનાં જૂથોએ પણ મુલાકાત લીધી હતી અને માસ્ટર પાસેથી ધ્યાનની બેઠકો પ્રાપ્ત કરી હતી અને પૂ.માસ્ટર માટે પ્રેમની અનુભૂતિ કરી હતી.



માસ્ટરે એમની ઓફિસના દક્ષિણ–પૂર્વ ખૂણામાં, સુંદર મોટા શમીચાણામાં, દિવ્ય પ્રેમીઓ, રાધા અને કૃષ્ણની આરસપાણની સુંદર પ્રતિમાઓની સ્થાપના કરી હતી. નારીમાં રહેલા વિવિધ સદગુણોને મૂર્તિના સ્વરૂપમાં પ્રતિમાઓમાં સ્થાપિત કરવામાં આવ્યા છે. મેડિટેશન હોલના મુખ્ય પ્રવેશદ્વારની બંને બાજુએ લોન પર પૂજા, શ્રધ્ધા અને અર્ચનાને પહેલેથી જ સ્થાપિત કરવામાં આવી હતી અને મેડિટેશન હોલની સામે, રોડની બીજી બાજુએ ગંગાની સ્થાપના કરવાની છે.




ચેન્નાઈના બીએમએ ખાતે, તા.૯ થી ૧૨ ઓક્ટોબર સુધી, ચારિત્ર્ય નિર્માણ પર સેમિનાર રાખવામાં આવ્યો હતો. એમાં ભારતભરમાંથી મિશનના કાર્યકર્તાઓએ હાજરી આપી હતી : વર્કીંગ કમિટિ મેમ્બર્સ, કેટલાક સેન્ટરમાંથી ઝોન–ઈન–ચાર્જ, સેન્ટર–ઈન–ચાર્જ, ઉપરાંત બીજા કાર્યકર્તાઓ સાથે મળીને કુલ લગભગ ૧૦૦ જણે ભાગ લીધો હતો.

કાર્યકર્તાઓ પ્રત્યે માસ્ટરનો આદેશ સ્પષ્ટ હતો – કે બીજાઓમાં બદલાવ લાવતાં પહેલાં, એમની અંદર પહેલા બદલાવ આવવો જોઈએ. ૯મીની સાંજે, પ્રતિનિધિઓ આવી પહોંચ્યા ત્યારે માસ્ટરે, એ–ડોરમેટરીમાં, અચાનક, એમની સાથે સાંજનું ભોજન લેવાનું નક્કી કર્યું હતું. એ માટે તેઓ એકદમ ઉત્સાહમાં આવી ગયા હોય એવું લાગતું હતું અને તેમણે કહ્યું હતું, "ભાગ લેનારાઓના મનમાં, મૂંઝવણ પેદા કરવાનું મને મન થાય છે કારણકે મૂંઝવણમાંથી જ સ્પષ્ટતા આવશે."



તેમણે કહ્યું તે જ પ્રમાણે, એમના પ્રાસ્તાવિક ભાષણમાં, વેદો મહાભારત, ભગવત ગીતા, રામાયણ વગેરેમાં, આપણી માન્યતાઓ વિશે, માસ્ટર પ્રશ્નો પૂછવા લાગ્યા હતા અને એમાં રહેલા વિરોધાભાસ પર, મુદ્દાસર જણાવ્યું હતું કે નૈતિકતા અને ચારિત્ર્ય વિશે એ કેવી મૂંઝવણ પેદા કરે છે. અંતમાં એમણે કહ્યું હતું, આપણે બધાએ, બીજું કશું નહીં, પણ હૃદયને એની મૂળ સ્થિતિમાં લાવવાનું છે. પાછળથી જ્યારે પ્રતિનિધિઓએ કહ્યું કે એમણે એમનાં ભાષણોમાંથી ઘણી વસ્તુઓનો વિનાશ કર્યો છે, ત્યારે માસ્ટરે કહ્યું હતું, જે વિચાર કરે છે, એની અંદર હિંમત હોય છે. વિચાર કરવામાં આપણે નીડર બનવું જોઈએ.



વકતાઓ દ્વારા કરેલી રજૂઆત્માં ચારિત્ર્યના વિષયને, જુદા જુદા દષ્ટિકોણથી આરંભ કરવામાં આવ્યો હતો : યોગિક સંબંધી (ભાઈ કે.એસ.બાલસુબ્રમનીયમ), લાલાજી મહારજના ઉપદેશો (ભાઈ સંતોષ શ્રી નિવાસ), શિક્ષણનાં મૂલ્યો (ભાઈ એસ.ભવાનીશંકર), વ્યાપારમાં ચારિત્ર્યની ભૂમિકા (ભાઈ પ્રમોદ સદરજોષી), નૈતિકતામાં એનાં પ્રગટીકરણો (ભાઈ પી.આર,ક્રિષ્ના), વર્તણૂંકમાં (ભાઈ એસ.પ્રકાશ). ભાગ લેનારઓએ પણ આ સંબંધિત વિષયોની દસ જૂથમાં ચર્ચા કરી હતી અને એમની રજૂઆતો દ્વારા કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

બહેન અનુરાધા ભાટિયાએ સેમિનારનો ઉપસંહાર કર્યો, તે પછી ૧૨મીએ એમના સમાપન વકતવ્યમાં, માસ્ટરે એમના અગાઉના વિષયને ફરીથી દોહરાવ્યો હતો અને વિશેષ ક્ષેત્રો, જેમાં

આપણે આપણા ચારિત્ર્ય અને વર્તણૂંકને સુધારવાની જરૂર છે, તે મુદ્દાસર જણાવ્યા હતા.

- ❖સામાન્ય રહેણી કરણી અને વર્તુણૂંકમાં પણ આપણે બદલાવ લાવવાની જરૂર છે.
- ❖અંગત યાતનાઓ સિવાય, આધ્યાત્મિક પ્રગતિ શક્ય નથી. તેથી બાબુજી મહારાજે કહ્યું હતું કે આપણા મિશનમાં, આપણે અભ્યાસીઓને અતિશય સગવડો નથી આપતા.
- ❖નૈતિક અધ:પતને એઈડ્સ જેવા રોગો ઉભા કર્યા છે. ગર્ભનિરોધક ગોળી એ એકમાત્ર એવી વસ્તુ છે, કે જેણે પશ્ચિમમાં સ્ત્રી–પુરુષના સંબંધમાંથી નૈતિકતાનો નાશ કર્યો છે.
- ❖વક્તાઓએ મુદ્દાસર સમજાવવું જોઈએ કે ઈચ્છા એક એવું કારણ છે, જે ચારિત્ર્ય નિર્માણના આપણા પ્રયત્નોમાં દખલ કરે છે – એ આપણી ઈચ્છાશક્તિનો નાશ કરે છે.
- ❖દુનિયા પ્રત્યે, જેણે પોતાનો કોઈજ ફાળો આપ્યો નથી અને મૂળ સ્ત્રોત (રિસોર્સ)નો માત્ર ઉપભોગ કરવાનો જ ઈરાદો ધરાવે છે, એ પણ અનૈતિક છે.
- ❖જો, તમારી પાસે જરૂરિયાત કરતાં એક રૂપિયો પણ વધારે હોય, તો શક્ય છે કે તમે કુમાર્ગે વળવાના જ. આપણા ઘણા અભ્યાસીઓ મુશ્કેલીમાં છે અને વધારે પૈસાના એમના લોભના કારણે એમણે ઘણું ગુમાવ્યું છે.
- ❖ભારતમાં જાતિયતાની નીતિ પર વધારે મહત્વ અપાયું છે અને નૈતિકતાનાં બીજાં રૂપો પ્રત્યે બહુ ધ્યાન આપવામાં આવ્યું નથી.
- ❖પ્રશિક્ષકો મિશનની ધમનીઓ છે, એમણે પ્રમાદથી દૂર રહેવાની અને એમના કામ પ્રત્યે માસ્ટરમાં વિશ્વાસ રાખવાની જરૂર છે.

ભાઈ રાજેશ રાઠોડે સેમિનારનું કો–ઓર્ડિનેશન કર્યું હતું અને આશ્રમ મેનેજર, ભાઈ સત્યનારાયણે આ હેતુ માટેની વ્યવસ્થાનું સંચાલન અસરકારક રીતે કર્યું હતું. મૂળ વિષયને લગતી પૂ.માસ્ટરની વાત તથા આત્મનિરીક્ષણ અને પારસ્પરિક્તા માટે ફાળવેલો એમનો સમય, બધાજ ભાગ લેનારાઓ પ્રત્યે ખરેખર સાવધ કરનારા આદેશ તરીકે ઉપયોગી નીવડ્યાં હતાં.

દરિયાપારના દેશો તથા લેટિન અમેરિકન માટે ૧૪મીથી ૧૯મી ઓક્ટોબર સુધી સેમિનાર રાખવામાં આવ્યો હતો. માસ્ટરે પ્રારંભિક ભાષણ આપતાં કહ્યું હતું, “મણપાક્કમ આવવું એ માના ઘેર આવવા જેવું છે.” એમણે કહ્યું હતું, “આપણે માત્ર આપણાં હૃદયને વિકસાવવા, એની સફાઈ કરવા, એને નિર્મલ બનાવવા અને એને એના મૂળભૂત સ્થાનમાં મુકવા અહીં આવ્યા છીએ કે જેથી એ દયા તેમજ ક્ષમા રાખીને, બીજાની પરવા કરીને, બીજા સાથે ફાળો





આપીને, બીજા સાથે સુમેળભરી રીતે રહીને, માનવીય ગુણોને દર્શાવી શકે. આમાંના બધા જ ગુણો આજકાલ વાસ્તવમાં અસ્તિત્વમાં રહ્યાં જ નથી.”

એમણે છ દિવસોમાંથી પાંચ દિવસ સત્સંગ કરાવ્યો હતો. કેટલાંક લગ્નો પણ કરાવ્યાં હતાં. ભાઈ પી.આર. ક્રિષ્ના, ‘અનેકતામાં એકતા’ વિશે બોલ્યા હતા અને ભાઈ સંતોષ કાનજી ‘તેઓ અને હું’ વિશે બોલ્યા હતા.

સાંજે તેમની ઓફિસમાં માસ્ટર એક પછી એક જૂથના અભ્યાસીઓને મળ્યા હતા અને એમની સાથે વાતો કરવામાં ઘણો સમય વીતાવ્યો હતો. ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયાની વાર્ષિક જનરલ બોડીની મિટિંગમાં પણ એમણે હાજરી આપી હતી. બધા મળીને ૫૦૦ અભ્યાસીઓ હતા. જેનાંથી ૧૦૦ લેટિન અમેરિકન, ૧૫ લા રીયુનિયન અને બાકીના દરિયા પારના હતાં. પૂ.માસ્ટરે દરરોજ સત્સંગ કરાવ્યો હતો અને પ્રારંભિક અને સમાપન ભાષણ આપ્યાં હતાં.

## એસએમઆરટીઆઈ સ્વયંસેવકોની મીટીંગ, એમપી

૨૨મી ઓગષ્ટ, ૨૦૧૦ના રોજ જબલપુર આશ્રમ ખાતે, મધ્યપ્રદેશ ઝોનના, જુદા જુદા સેન્ટરોમાંથી એસએમઆરટીઆઈના બધાજ સ્વયંસેવકોની મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. લગભગ ૧૫ સ્વયંસેવકોએ હાજરી આપી હતી. ઈંદોર, ભોપાલ, ઉજ્જૈન જેવાં મોટાં સેન્ટરોમાંથી જ નહીં, પણ બાલાઘાટ, તિકમગઢ, જાઓરા, સોહાગપુર, ગયાસપુર, ટાયોન્ડા, ગંજબાસોદા, ઈટરાસી, રેવા, નસરૂલ્લાગંજ વગેરે નાનાં અને દૂરનાં સેન્ટરોમાંથી પણ અભ્યાસીઓ આવ્યા હતા. આવું પહેલીજ વાર બન્યું હતું કે ઝોનલ સ્તરે આવી મિટિંગ રાખવામાં આવી હોય. તેથી, દરેક જણ ઘણા જ ઉત્સાહી અને કાર્યક્ષમતાથી ભરપૂર હતા.

ભાઈ રાજેશ રેવતકરે, ભાગ લેનારા દરેક જણનું સ્વાગત કર્યું હતું. તે પછી દરેકના પરિચયનો ટૂંકો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ભાઈ વિનોદે, કાર્યક્રમની શરૂઆત કરી હતી અને ‘વ્હિસ્પર્સ ફ્રોમ ધ બ્રાઈટર વર્લ્ડ’માંથી સંદેશ વાંચ્યો હતો.

રજૂઆત પછી વીબીએસઈનાં વિવિધ પાંસાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. એમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે દરેક સેન્ટર ઓછામાં ઓછી એક શાળા પસંદ કરવાનો પ્રયત્ન કરશે અને એમાં વીબીએસઈને અમલમાં મૂકવા માટેના કેન્દ્રિત પ્રયત્નો કરશે. યુવાનો માટે વધારેને વધારે પવૃત્તિઓ હાથમાં લેવાની જરૂર લાગતી હતી. બધા જ ભાગ લેનારાઓને સંબંધોમાં જોડાયા હોવાની, બંધુત્વની અને પ્રેમની ભાવનાનો અનુભવ થયો હતો.

## નવી નિમણૂંક

૧ નવેમ્બર ૨૦૧૦થી ભાઈ યુ.પી.ધવનને ખડગપુર ખાતે આવેલા ‘ક્રેસ્ટ’ના આસીસ્ટન્ટ ડીરેક્ટર તરીકે નીમવામાં આવ્યા છે.

# ભૂતકાળમાં ડોકિયું

પૂ.માસ્ટર ૧૯૭૬માં મે અને જૂન ની વચ્ચે પૂ.બાબૂજી મહારાજની સાથે યુરોપના પ્રવાસે હતા. આ યાત્રા દરમિયાન તેમણે ડેન્માર્ક, જર્મની, સ્વીત્ઝર્લેન્ડ, ફ્રાન્સ, અને ઈટાલીની મુલાકાત લીધી.

આ યાત્રાની વિગતો 'સહજ માર્ગ ઈન યુરોપ' પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવી હતી, જે પાછળથી 'યાત્રા' (વોલ્યુમ ૧) નામે પુન: પ્રકાશિત કરવામાં આવી છે.

પૂ.માસ્ટર દ્વારા આ યાત્રાની જે માહિતી વર્ણવામાં આવી છે, તે છે, તેમના સંબંધની પૂર્ણ જાણકારી, પ્રિય બાબુજી મહારાજની પૂ.માસ્ટરે લીધેલી પ્રેમભરી કાળજીની વિગતો, થાક્યા વિના મિશનની બાબતોને સંભાળવાનું કાર્ય, નિયમિત રીતે દિવસની ૧૫ કરતાં વધુ વ્યક્તિગત સિટિંગ આપવા સાથે વધારાના કેટલાંક વક્તવ્યો અને ગુરુ અને શિષ્ય વચ્ચેના આધ્યાત્મિક સંબંધની ઉચ્ચ અવસ્થાનું દર્શન.

આ યાત્રા દરમિયાન બાબુજી મહારાજ દ્વારા આપવામાં આવેલા કેટલાક મોતી નીચે પ્રમાણે છે :

તત્વજ્ઞાન(ફિલસૂફી) એ વિચારવાનો રસ્તો છે, યોગ એ કર્મ કરવાનો રસ્તો છે અને સાક્ષાત્કાર એ કંઈ નહીં કરવાનો રસ્તો છે.

પ્રશ્ન : અમારા માટે શું સંદેશ છે?
બાબૂજી : હંમેશાં શાંતિ અને વિચારોમાં વિરોધાભાસ નહીં

પ્રશ્ન : જીવન શું છે?
બાબૂજી : જીવનમાં જીવન એ જ સાચું જીવન છે.

સૂફી કવિ સાર્મદની ચાર પંક્તિ ટાંકતા બાબુજીએ કહ્યું :

પ્રેમનું દર્દ એ પતંગિયા જેવું છે, જે પવનની લહેર પર ઉડે છે.

વિના હેતુ અહીં અને ત્યાં જાય છે, પરંતુ તે ફુદું પોતાની જાતને જ્યોતમાં બાળી નાખવા સમર્થ છે.

અને તેના અનુસંધાનમાં તેમણે નીચે પ્રમાણે કહ્યું :

આપણો પ્રેમ આવો હોવો જોઈએ, હજારો વર્ષો સુધી ઈશ્વરને પોતાના હૃદયમાં રાખ્યા પછી પણ ફક્ત થોડા જ તેને મેળવવામાં સફળ રહ્યા છે. મૃત્યુ પહેલાં મરી ફીટવું, તે જ તે માટેનો એકમાત્ર રસ્તો છે.

મારું માનવું એ છે, કે નર્ક પાપીઓ માટે છે, સ્વર્ગ મૂર્ખાઓ માટે છે અને દિવ્યજગત મુક્તિ પામેલા આત્માઓ માટે છે.



## મણપાક્કમ ખાતે જાપાનીઝ મુલાકાતીઓ

રસપ્રદ વૈચારિક આદાનપ્રદાન



૯મી સપ્ટેમ્બર ના રોજ જાપાન યોગા એસોસીયેશન ના ૫૦ સભ્યોએ તેમના પ્રમુખ સેન્સે તહારા હોડો અને ઉપપ્રમુખ કુમારી અંઝીયાના કીમીકો સાથે બાબુજી મેમોરિયલ આશ્રમ, ચેન્નાઈમાં થોડા કલાકો ગાળ્યા. આશ્રમ મેનેજર શ્રી સત્યનારાયણ દ્વારા તેઓને આશ્રમમાં ચોતરફ ફેરવવામાં આવ્યા અને ત્યાર પછી તેમને ડી–બ્લોકમાં મીટીંગરૂમમાં લઈ જવામાં આવ્યાં,પુસ્તિકાઓ આપવામાં આવી, જેમાં જાપાનના પ્રશિક્ષકોના નામ અને સત્સંગની માહિતીની જાણકારી હતી.

નાગોયા, જાપાનના પ્રશિક્ષકો અને કાર્યકર્તાઓ સાથેના ઈન્ટરનેટ દ્વારા સંપર્કની વ્યવસ્થા કરવામાં કોમ્યુનિકેશન ટેકનોલોજીનો સફળતાપૂર્વક ઉપયોગ કરવામાં આવ્યો. સૌ પ્રથમ બહેન નિત્યા શ્રીરામે આ સમૂહને જાપાનીઝ ભાષામાં સહજ માર્ગ વિષે જાણકારી આપી. કન્ટ્રી–ઈનચાર્જ ભાઈ શ્રીરામે જાપાનીઝ ભાષામાં પોતાની ઓળખ આપી. ત્યારપછી બહેન એટીના નાકામુરા, ભાઈ કાનાએ અને બહેન કલારીસાએ પધ્ધતિ અને મિશન વિષે બોલવાની પરવાનગી માગી હતી. મુલાકાતીઓ દ્વારા આ જાપાનીઝ રજૂઆતને ખૂબ જ સારો આવકાર મળ્યો. આ બધાંઓમાં બે કે ત્રણ જણ સિવાય બધીજ સ્ત્રીઓ, જાપાનમાં યોગ શિક્ષક તરીકેનું કાર્ય કરતી હતી.

ત્યારબાદ ભાઈ શ્રી દુરાઈ બોલ્યા અને તેનું ભાષાંતર, ભાઈ શ્રી માર્કસ (ટોકિયોના ભારતીય) કે જેઓ આ ગૃપના એક સંચાલક હતા, તેમના દ્વારા કરવામાં આવ્યું. સેન્સેઈ કે જેઓ તેમના ૮૦મા વર્ષમાં હતા તેમણે ખૂબ કદર સાથે કહ્યું કે ઘણાં વર્ષો અગાઉ જ્યારે અહીં ઘાસના છાપરાનું બાંધકામ હતું, ત્યારે તેમણે આપણા આશ્રમની મુલાકાત લીધી હતી.

મુલાકાતીઓને કહેવામાં આવ્યું કે જાપાનમાં આપણી નિ:શુલ્ક સેવાનો ઉપયોગ કરવા માટે આવકારવામાં આવે છે. ત્યારબાદ ચા અને નાસ્તો લઈને સાંજના ૬.૩૦ વાગે, જાપાન પાછા ફરવાનું હોવાથી, એરપોર્ટ જવા માટે તેઓ આશ્રમથી નીકળ્યા.



## તામિલનાડુ દક્ષિણ ઝોન – એક નવો પ્રયત્ન

તામિલનાડુના કન્યાકુમારી અને તિરુનેલવેલી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મિશનના વિકાસની પ્રેરણા આપવાના હેતુ સાથે ૩ થી ૬ સપ્ટેમ્બર દરમિયાન ભાઈ શ્રી એ.પી દુરાઈએ મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય હેતુ એ હતો કે જ્યાં મુઠ્ઠીભર અભ્યાસીઓ છે (વડક્કન્કુળમ, નાંગુનેરી,કોટ્ટરામ) અને ગ્રામ્ય વિસ્તારની નવી જગ્યાઓ (પનગુડી, તોવાલઈ, રાધાપુરમ, ચિદમ્બરપુરમ, કોલિચન્ગુલમ, મનુર અને કરૈચિરુપ્પુ)ના વિકાસની શક્યતાઓ તપાસવાવી. ભાઈ શ્રી દુરાઈ હોમ ગેધરીંગ અને ઓપન હાઉસ દ્વારા સંભવિત અભ્યાસીઓને મળ્યા. તેમણે અનુભવ્યું કે જેમને તેઓ જાણે છે અને જેમને સહજ માર્ગ વિષે થોડી ઘણી જાણકારી છે, તેવા લોકોને અહીં લાવીને પૂ.માસ્ટરના કાર્યને આગળ ધપાવવું જોઈએ.

૩જી સપ્ટેમ્બરના રોજ, તેમણે કન્યાકુમારી અને કોટ્ટરામ ( નવું વિકાસ પામતું નાગરકોઈલનું ઉપકેન્દ્ર) ખાતે ઓપન હાઉસનું આયોજન કર્યું. ત્યાં અભ્યાસીઓ સાથે ચર્ચા કરવામાં આવી. ત્યારપછી તેમણે નાગરકોઈલ ધ્યાનકક્ષની મુલાકાત લીધી અને હાજર અભ્યાસીઓને માસ્ટર સાથે ઐક્ય નો વિકાસ કરવાના વિષય માટે બોલાવવામાં આવ્યા. ત્યારબાદ તેમણે નાગરકોઈલથી ૧૦ કિ.મી. દૂર આવેલા તોવાલઈમાં હોમ ગેધરીંગમાં હાજરી આપી. પ્રશિક્ષકો દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં આમંત્રિતો સંપૂર્ણ તલ્લીન હતા.

૪થી ના રોજ, તેમણે નાન્ગુનેરી કેન્દ્રમાં અને એક બીજા રાધાપુરમ વિસ્તારમાં હોમ ગેધરીંગનું આયોજન કર્યું. ત્યારબાદ તેમણે કોલિચંગુળામ ખાતેના ઘરની મુલાકાત લીધી, જ્યાં પડોશીઓ ભેગા થયા હતા અને તેમનું પ્રવચન સાંભળ્યા બાદ, તેમનું વલણ ધ્યાન શરૂ કરવા પ્રત્યેનું હતું. તેઓ રાત્રે વડકનગુલમ પાછા ફર્યા અને ત્યાં સત્સંગનું સંચાલન કર્યુ અને સાધના અંગેના અભ્યાસીઓના પ્રશ્નોના જવાબો આપ્યા.

પાંચમીએ (રવિવારે) ભાઈ શ્રી દુરાઈએ વડકકનકુલમ કેન્દ્રની નજીકના તિરુનેલવેલી, નાગરકોઈલ અને કોટ્ટરમ કેન્દ્રના લગભગ ૫૦ અભ્યાસીઓ માટે આખા દિવસનો કાર્યક્રમ યોજ્યો. સત્સંગ પછી ત્યાં અભ્યાસીઓ દ્વારા વકતવ્યો, પ્રશિક્ષકો દ્વારા સ્પષ્ટતાઓ, સમૂહ ચર્ચા વિચારણા, માસ્ટરના વકતવ્યોની ડીવીડી અને માસ્ટરના શિક્ષણની રજૂઆત કરવામાં આવી. ત્યારબાદ ૨૫ આમંત્રિતો માટે ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાંથી ૧૨ જણાએ પ્રારંભિક સિટિંગ માટે તેમના નામ આપ્યા હતા.

તેમણે છઠ્ઠીના રોજ, તિરુનેલવેલી આશ્રમની મુલાકાત પછી મનુર અને કરૈચિરુપ્પુ ગામોમાં હોમ ગેધરીંગનું સંચાલન કર્યું.

આ પ્રવાસ દરમિયાન ભાઈ શ્રી દુરાઈએ નોંધ્યું કે :

❖માસ્ટરના દ્વારા વાવવામાં આવેલી ફસલ લણવા માટે તૈયાર છે અને તે માટે વધારે કાર્યકર્તાઓની અને ખાસ કરીને જેઓ તેમના કેન્દ્રમાંથી બહાર જઈને નવાં કેન્દ્રો ઊભાં કરી શકે અને જ્યાં સુધી તેઓ સ્વતંત્ર ન થાય, ત્યાં સુધી તેમની સંભાળ રાખી શકે તેવા પ્રશિક્ષકોની જરૂર છે.

❖નવી શરૂઆત કરનારા અભ્યાસીઓએ અઠવાડિયામાં એક વ્યક્તિગત સિટિંગ લેવી જ જોઈએ.

❖હોમગેધરીંગ અને ઓપન હાઉસ જેવી સામૂહિક પ્રવૃત્તિઓ, અભ્યાસીઓ અને પ્રશિક્ષકો વચ્ચે એકતા અને ભાઈચારો લાવે છે.

❖આવા અવસરો ઉપર ખૂબ જ ઉત્સાહ જોવા મળે છે અને જ્યારે આપણે તેમના કાર્યમાં જોડાયા હોઈએ છીએ, ત્યારે બધો જ વખત માસ્ટરની હાજરીનો અનુભવ થાય છે.

આ પ્રવાસ પછી તરત જ તામિલનાડુ સાઉથ ઝોનના ઝોનલ ઈનચાર્જ, ભાઈ શ્રી ટી વી વિશ્વનાથ રાવે, ૧૦થી ૧૨ સપ્ટેમ્બર દરમિયાન વિરુધનગર, ટુટિકોરિન અને તીરુનેર્વેલી જિલ્લાઓનો પ્રવાસ કર્યો.

૧૦મી ના રોજ તેમણે ચિન્ના વલ્લિકુલમ આશ્રમ ખાતે, વિરુધનગર, અરુપ્પુક્કોટ્ટિ અને કરિઅપટ્ટિકેન્દ્રના લગભગ ૫૦ અભ્યાસીઓ માટે સત્સંગનું સંચાલન કર્યુ. અભ્યાસીઓના પરિચય પછી તેમણે બપોર સુધી અભ્યાસીઓ સાથે વાતો કરી.

ત્યારબાદ કોવિલ્પટ્ટિ ખાતે, ૨૦ અભ્યાસીઓએ સત્સંગમાં ભાગ લીધો. ત્યારબાદ અભ્યાસને લગતી પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

૧૧મીના સવારે તેમણે ઉપ કેન્દ્ર અરુપ્પુક્કોટ્ટૈની મુલાકાત લીધી, સત્સંગનું સંચાલન કર્યુ અને ત્યાં હાજર રહેલા ૨૫ અભ્યાસીઓ સાથે ચર્ચા વિચારણા કરી. તે સાંજે, શ્રિવિલ્લિપુથુરમાં ૪૫ અભ્યાસીઓ માટે સત્સંગનું આયોજન કર્યું. ત્યારબાદ ચર્ચા વિચારણા રાખવામાં આવી. આશ્રમ માટે જમીન ખરીદવા અંગે બધાજ અભ્યાસીઓએ રસ બતાવ્યો.

૧૨મી સપ્ટેમ્બરે તેમણે રાજાપલયમ ખાતે રવિવારનો સત્સંગ કરાવ્યો અને તેમાં ૭૦ આસપાસ અભ્યાસીઓએ ભાગ લીધો. ત્યારબાદ અભ્યાસ અને ચારિત્ર્ય નિર્માણ માટે વૈચારિક આદાન પ્રદાનનો અડ્ધા દિવસનો કાર્યક્રમ કરવામાં આવ્યો.

બપોરે તેઓ તીરુનેર્વેલી જિલ્લાના તેનકાસીમાં પહોંચ્યા અને નજીકના પુલિઅન્ગુડિ અને ઉપ કેન્દ્ર કડયનલ્લુરના અભ્યાસીઓ માટે પણ સત્સંગનું સંચાલન કર્યું. અભ્યાસીઓ સહજ માર્ગ વિષે શું સમજ ધરાવે છે અને તેઓ શું પરિવર્તન જોવા માંગે છે, તે અભિવ્યકત કર્યું.

ચર્ચા વિચારણા પછી ભાઈ શ્રી ટી.વી.વિશ્વનાથ રાવ ઉપકેન્દ્ર પુલિઅન્ગુડિ ગયા, જ્યાં હાલમાં ૩૫ અભ્યાસીઓ અભ્યાસ કરે છે. ત્યાંથી રાત્રે તેઓ તિરુપુર પાછા ફર્યા.


વડક્કનકુલ્લમ


નાંગુનેરી



## ઝોનલ પ્રશિક્ષક મિટિંગ – જબલપુર ( એમ.પી)

૨૧ અને ૨૨ ઓગસ્ટ ૨૦૧૦

સભાની શરૂઆત, તાજેતરમાં જ પ્રશિક્ષકો માટે બહાર પડેલી ડીવીડી સેટ બતાવીને કરવામાં આવી. ભાઈ શ્રી સચીન સિંહાએ, અભ્યાસીઓ અને આશ્રમનો આંકડો બતાવતો એમ.પી. નો જી.આઈ.એસ નકશો રજૂ કર્યો. ભાઈ ડો. એન.વી દેશપાંડેએ , પ્રશિક્ષકના કાર્યને કેવી રીતે પ્રાથમિક ક્ષમતા આપવામાં આવે છે, અને પછી તે કાર્યમાં મૂકવામાં આવે છે, 'શીખો અને વિકાસ પામો', કે જે પહેલાં તાલિમ આપવાની સામાન્યરીતથી એકદમ વિરુધ છે, તે અંગે સારી રીતે તૈયાર કરેલું વકતવ્ય આપ્યું. આ જ સહજ માર્ગની અજોડતા છે. દસ નિયમોમાંથી કેટલાક અગત્યના પ્રશ્નો બધાંની આગળ ચર્ચા માટે મૂકવામાં આવ્યા.

થોડા પ્રશિક્ષકોએ તેમના અનુભવો બીજાઓને જણાવ્યાં. ત્યારબાદ પ્રશ્નોત્તરીનો, રમત રમવાનો અને ડીવીડી જોવાનો કાર્યક્રમ હતો.

બીજા દિવસે ફરીથી ડીવીડી બતાવવામાં આવી. ઝોનમાં કામ કરી રહેલા પ્રશિક્ષકોની આંકડાકીય માહિતી બધાં સાથે વહેંચવામાં આવી. ત્યારબાદ ભાઈ શ્રી નવીન મિશ્રા, ઝોનલ નિબંધ સહાયક દ્વારા અહેવાલ, કાર્યપ્રણાલી અને અનુભવો જણાવવામાં આવ્યા.

બપોરના ભોજન પછીના કાર્યક્રમમાં ભાઈ શ્રી આનંદ પરમારે – ઈન્ટ્રોડ્કશન ટુ ઈ મેઈલ અને મિશન વેબસાઈટ ઉપર સરળ વકતવ્ય આપ્યું. જેનાથી બધાંને લાભ મળ્યો. તે જાણવા મળ્યું કે લગભગ ૫૦% થી વધારે જણ મિશનની નવી વેબસાઈટથી અજાણ હતા. ભાઈ શ્રી સચીન સિંહા 'તેમને અંતરમાં ઉતારો' વિષય પર બોલ્યા. એમ.પી ઝોન માટે ઝોનલ ઈન્ચાર્જ દ્વારા ૨૦૧૧નું ચિત્ર રજૂ કરવામાં આવ્યું, જેમાં દસ કાર્યો સૂચવવામાં આવ્યાં.

ભાઈશ્રી રાજેશ રેવતકર કે જેઓ એમ.પી.માં ચાલતી પ્રવૃત્તિઓનું સંકલન કરે છે, તેમણે સ્વયંસેવકો અને સ્મૃતિના કાર્યકર્તાઓ સાથેની મિટિંગનો અહેવાલ રજૂ કર્યો અને જણાવ્યું કે આવતા વર્ષ દરમિયાન કરવા ના કાર્યોના સમયપત્રકનું મૂળભૂત કાર્ય પૂરું થયું છે અને તે બધાંનું સંકલન કરીને બધાંને વહેંચવામાં આવ્યું. જબલપુરના સેન્ટર ઈનચાર્જ, ભાઈ શ્રી આનંદે કૃતજ્ઞતા વ્યકત કરી અને આવવા માટે બધાંનો આભાર માન્યો. કાર્યક્રમનું સફળતાપૂર્વક અચોજન કરવા બદલ તેમણે જબલપુરના અભ્યાસીઓનો ખાસ આભાર માન્યો હતો. લગભગ ૫૫ પ્રશિક્ષકો અને ૫૦ સક્રિય સ્વયંસેવકોએ આ સભામાં ભાગ લીધો હતો.



## સેન્ટર ઈનચાર્જ અને પ્રિફેકટ ઈન્ચાર્જ નું મિલન (ટી.એન. ઉત્તર ઝોન)

૧૧મી સપ્ટેમ્બરે, તામિલનાડુના અને આંદામાન નિકોબાર ટાપુના બાવન જણાએ મણપાકક્મ આશ્રમ, ચેન્નાઈ ખાતે ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં ભાઈ એ.પી. દુરાઈએ(જોઈન્ટ સેક્રેટરી) અને ભાઈ એસ. પ્રકાશે (ઝોનલ ઈન્ચાર્જ) સમૂહનું સંબોધન કર્યું.

અગાઉથી જૂથ બનાવવામાં આવ્યા હતાં અને દરેકને તેમના વિષય પણ આપી દેવામાં આવ્યા હતા, કે જેથી ભાગ લેનારાઓ તૈયારી સાથે આવી શકે. વિષયો હતા, '' અભ્યાસીઓના આધ્યાત્મિક વિકાસ માટે નો કાર્યક્રમ,'' ''કેન્દ્ર નો વિકાસ જાળવી રાખવો'' ,'' અભ્યાસીઓમાં ચારિત્ર્ય વિકાસ'' અને ''મૂલ્ય આધારિત શિક્ષણ દ્વારા યુવાઓ પ્રત્યે વિશેષ ધ્યાન''. ચર્ચા દ્વારા ચાવીરૂપ મુદ્દા બહાર આવ્યા જેમ કે મિશન ના સાહિત્યના વાંચનનું મહત્ત્વ, સ્વૈચ્છિક કાર્ય દ્વારા સેવા, આંતરિક પૂજા, બીજાઓ માટે પ્રાર્થના, સારા વાતાવરણની રચના કરવી, માસ્ટરને અભ્યાસીની યોગ્ય ઓળખ આપવી,શિસ્ત, પ્રેમ સાથે સાધના, સતત સ્મરણ, લાગણી અને ભાવુકતા વચ્ચેના તફાવતને ઓળખતાં શીખવું, નૈતિક મૂલ્યો, સમૂહ કાર્ય વગેરે. તે એક સારો શીખવાનો અનુભવ હતો અને ત્યાંથી ઘણું જ વિચારવા માટે અને અમલમાં મૂકવા સાથે લઈ જવા માટે હતું.

ભાઈ લક્ષ્મી નારાયણ, જેઓ વેલોરના હબ-ઈન-ચાર્જ છે, તેમણે વ્યક્તિગત ધ્યાનની બેઠકોનું તેમજ અન્ય કેન્દ્રો પર મુસાફરી કરતા પ્રશિક્ષકોનું મહત્ત્વ સમજાવ્યું. તેમણે કહ્યું કે બધાં જ કેન્દ્રોમાં એટીપી કાર્યક્રમને લીધે ઘણું પરિવર્તન આવી રહ્યું છે. તેમણે ઉપકેન્દ્રોના મિલન વિશે તથા નવા કેન્દ્રોની જાણકારી મેળવવાનું સૂચવ્યું.

એસએમઆરટીઆઈ, સભ્યપદ, પ્રકાશન અને એકાઉન્ટ્સ જેવાં મુખ્ય વિભાગો દ્વારા રજૂ થયેલા પ્રેઝન્ટેશનથી દરેક વિભાગના કાર્યની પૂરી જાણકારી મળી અને કેન્દ્ર પાસેથી શેની અપેક્ષા રાખવામાં આવે છે, તેની સંપૂર્ણ માહિતી મળી.

આ દરમિયાન થયેલી ચર્ચાના નિષ્કર્ષરૂપે ભાઈ પ્રકાશે, તેમના સમાપન વક્તવ્યમાં, દસ-મુદ્દાનો એક કાર્યક્રમ રજૂ કર્યો. આ મુદ્દા હતાં – તમામ કેન્દ્રોમાં એટીપીનું આયોજન કરવું, ઓપન હાઉસ/હોમ ગેધરીંગ/સ્વાગત મંચ યોજવા, વ્યક્તિગત સાધના અને વ્યક્તિગત બેઠકો પર મહત્ત્વ આપવું, પ્રશિક્ષકની મુલાકાત, રવિવારની પ્રવૃત્તિ, નવા કેન્દ્રોનો વિકાસ, યુવા વિકાસ, ભંડારામાં ભાગ લેવો, મણપાક્કમની મુલાકાત લેવી, મિશનના સાહિત્યનો અસરકારક રીતે ઉપયોગ કરવો. ભાગ લેનારાઓ આ પછી પૂ.માસ્ટરને મળ્યા, તેમણે કહ્યુ, "હવેથી સારું કાર્ય કરો!"

SHRI RAM CHANDRA MISSION®
ECHOES INDIA NEWSLETTER

## અભ્યાસી તાલીમ કાર્યક્રમ


અલ્લાહાબાદ


રાંચી

એસએમઆરટીઆઈ દ્વારા ઘડવામાં આવેલો અભ્યાસી તાલીમ કાર્યક્રમ (એટીપી – અભ્યાસી ટ્રેનીંગ પ્રોગ્રામ) ભારતભરના સેન્ટરોમાં યોજાઈ રહેલ છે. અભ્યાસીઓ કહે છે કે તેનાથી તેમને વધારે સારી રીતે સમજવાનો લાભ મળે છે તેમજ નિયમિતરૂપે અને ખંતપૂર્વક અભ્યાસ કરવાના તેમના ઉત્સાહમાં પ્રોત્સાહન મળે છે. સહજ માર્ગ સાધનાના બધાં પાસાઓને પધ્ધતિસર સમજાવવામાં આવ્યા હોવાથી રોજની સાધના વિશે ઊભા થતા ઘણાં પ્રશ્નોનું સ્પષ્ટીકરણ થાય છે. આ તાલીમ કાર્યક્રમોને ખૂબ ઉત્સાહ અને અન્યોન્ય સહકારથી આવકારવામાં આવ્યા છે. મોટાભાગના અભ્યાસીઓએ કહ્યું કે પૂ.માસ્ટરના ઓડિયો–વિડિયો રજૂઆત દ્વારા થતા ખુલાસાથી તેમની મૂળભૂત સાધનાને લગતા પ્રશ્નોનું સમાધાન થઈ જાય છે. અભ્યાસીઓને લાગ્યું કે આ કાર્યક્રમ દ્વારા તેમને ડાયરી–લેખનનું મહત્ત્વ, મિશનના સાહિત્યનું નિયમિત વાંચન, સત્સંગમાં નિયમિતપણે હાજરી આપવાની અગત્યતા, વગેરે વિશે ઘણું જાણવા મળ્યું.

| કેન્દ્ર | તારીખ | ભાગ લેનાર કેન્દ્ર | આયોજન કરનાર |
|---|---|---|---|
| સત્યમાંગલમ | ૨૯ ઓગસ્ટ | સત્યમાંગલમ,પુલિયમપટ્ટિ અને આનુર કેન્દ્ર | ભાઈ અસોકા અને ભાઈ અન્નાદુરાઈ. સંચાલન કરનાર: ભાઈ પલાની કુમારન, કોઈમ્બતુર |
| KGF કેન્દ્ર | ૫ સપ્ટેમ્બર | KGF, મુલબાગલ અને કુપ્પમ (આંધ્ર) | કેન્દ્રના પ્રશિક્ષક<br>માચસોરના ભાઈ શશી કાન્થ, ભાઈ શ્રીધર |
| જમશેદપુર | ૧૮ સપ્ટેમ્બર | | બહેન અનસૂયા રામચન્દ્રન |
| ઉના, H.P. | ૩ ઓક્ટોબર | ઉના અને આસપાસના કેન્દ્રો–જેવાં કે બજાઉરા (કુલુ) અને પાલમપુર | જમ્મુની ATP ટીમ |
| મુંબઈ | ૧૪ ઓગસ્ટ | | ભાઈ મની |
| નાન્દેદ | ૨૨ ઓગસ્ટ | | ચિખલી કેન્દ્રના ડો.પરિહર અને ડો.ચૌધરી |
| સેદમ, ગુલબર્ગા | ૫ સપ્ટેમ્બર | | |
| રાયચુર,ઉ.કર્ણાટકા | ૧૨ સપ્ટેમ્બર | | ભાઈ પ્રહલાદ પાકનીકર |
| ગુલબર્ગા | ૧૯ સપ્ટેમ્બર | | ભાઈ નિજલિંગપ્પા અને ભાઈ મહેશ દેશપાન્ડે |
| કુર્નૂલ | ૨૨ ઓગસ્ટ | | |
| અનંતપુર | ૨૯ ઓગસ્ટ | | |
| નન્દયાલ | ૧૨ સપ્ટેમ્બર | | |
| કડપા | ૧૯ સપ્ટેમ્બર | | |
| હિન્દપુર | ૧૦ ઓક્ટોબર | | સ્મૃતિ ચૌબે, બહેન નીરા વર્મા અને બહેન ઈન્દુ પાન્ડે, ભાઈ અતુલ જૈન |
| રાંચી | ૨ ઓક્ટોબર | | |
| વિરુદ્ધનગર | ૨૬ સપ્ટેમ્બર | વિરુદ્ધનગર, શ્રીવિલ્લિપુથુર, સિવકાસી અને કોવિલપટ્ટી | ભાઈ બાલા સુબ્રમનીયમ |
| રાંચી | ૨૬ સપ્ટેમ્બર | બિહાર અને ઝારખંડ | બહેન અનસૂયા રામચન્દ્રન |


વિરુદ્ધનગર


અનંતપુર


સેદામ

November 2010 Volume 3 Issue 6

SHRI RAM CHANDRA MISSION®
ECHOES INDIA NEWSLETTER

## પ્રાદેશિક પરિસંવાદ ઝોનલ આશ્રમ, અલુવા, કેરાલા



પ્રાદેશિક પરિસંવાદ ઝોનલ આશ્રમ, અલુવા ખાતે ત્રણ દિવસોનો સપ્ટેમ્બર ૧૦ થી ૧૨, ૨૦૧૦ દરમિયાન રાખવામાં આવ્યો હતો. પરિસંવાદની શરૂઆત સત્સંગથી થઈ. પાયાનો તાલિમ કાર્યક્રમ એસએમઆરટીઆઈ દ્વારા તૈયાર કરાયેલી સીડી ઉપર આધારિત હતો તેનું સંચાલન પ્રથમ બેઠકમાં કરવામાં આવ્યું. ભોજન પછીની બેઠક અભ્યાસીઓ દ્વારા કરાયેલી રજૂઆત ઉપર ચર્ચા માટે ફાળવવામાં આવી હતી. તિરુપુરથી આવેલા ભાઈ શ્રી એન. પ્રકાશે તેમણે પરિસંવાદના સંદર્ભમાં આપેલામાં ટૂંકા વકતવ્ય બાદ સત્સંગનું સંચાલન કર્યું. ત્યાર બાદ, અનૌપચારિક વાતચીતમાં તેમણે જણાવ્યું કે માસ્ટર કેરાલામાં સહજ માર્ગની પ્રગતિથી ખુશ છે.

૧૧મીના સવારે ૬:૩૦ વાગે પ્રશિક્ષકો માટે સત્સંગ રખાયો હતો ત્યાર બાદ ૯:૦૦ વાગે મુખ્ય સત્સંગ હતો. ભાઈ શ્રી પ્રકાશે જ્ઞાનવર્ધક રજૂઆત કરી જેના મુદ્દા હતા; તેમનું નિરીક્ષણ, આજ્ઞાપાલન અને અનુકરણ કરો. ડૉ. સી. સાથીસને વાતચીતનો મલયાલમ અનુવાદ સુંદર રીતે રજૂ કર્યો. ભોજન પછી,અભ્યાસીઓએ તેઓના અભિપ્રાય વ્યકત કર્યા. ક્ષેત્રિય અધ્યક્ષ ભાઈ શ્રી કે.યુ. મોહને એકત્રિત થયેલા સ્થાનિક લોકો માટે એક જાહેર સભાનું સંચાલન કર્યું. ૧૨મીના સવારે ૭:૩૦ના સત્સંગ પછી પરિસંવાદનું સમાપન થયું અને ભાઈ શ્રી સુંદરમ અને ભાઈ શ્રી પ્રકાશ દ્વારા ટૂંકુ ઉપસંહારાત્મક વકતવ્ય અપાયું. સાત કેંન્દ્રો અને સાત ઉપકેંન્દ્રો અને અલુવાની આસપાસના વિસ્તારમાંથી આવેલા લગભગ ૨૩૦ અભ્યાસીઓએ ભાગ લીધો.

## અલ્લાહાબાદ

અલાહાબાદ કેંન્દ્રે ૧૫મી ઑગસ્ટ, ૨૦૧૦ના રોજ ઉચ્ચ તાલિમ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. અલાહાબાદ અને ઝાંસી કેંન્દ્રોમાંથી ૩૫ તાલીમાર્થીઓ દ્વારા આ કાર્યક્રમમાં હાજરી અપાઈ. કેંન્દ્રના અધ્યક્ષ ભાઈ શ્રી ત્રિવેદીએ સ્વાગત પ્રવચન કર્યું. બહેન લલિતા શર્મા અને તેમની સ્વયંસેવક ટીમ દ્વારા સંચાલિત તાલિમ કાર્યક્રમનું ઉદઘાટન, ભાઈ શ્રી ઉમા શંકરે (મંત્રી) કર્યું. દરેક બેઠક બાદ પ્રશ્નોત્તર રખાયા હતા. કેંન્દ્રે એક વધારે ઉચ્ચ તાલિમ કાર્યક્રમનું સંચાલન ૫મી સપ્ટેમ્બર, ૨૦૧૦ના રોજ કર્યું જેમાં અલાહાબાદ,ઝાંસી,બાંદા અને થર્વાઈ કેંન્દ્રોના ૩૬ તાલીમાર્થીઓ ભાગ લીધો.

## તિરુપુર



રાષ્ટ્રીય સેવા યોજના અન્વયે, કે.એસ.સી શાળા, તિરુપુરના ૨૫ વિદ્યાર્થીઓની ડાયમંડ જ્યુબિલી પાર્ક ખાતે ૭ દિવસોની ૨૫મી સપ્ટેમ્બરથી શિબિર યોજી હતી. વિદ્યાર્થીઓએ આશ્રમની સંભાળનું કામ કર્યું હતું અને દરરોજ, બપોરે ૨:૩૦ વાગે માસ્ટરના "શિસ્ત" અને "ચારિત્ર્ય" વિશેના વિચારો તેમને કહેવામાં આવ્યા હતા.

૩જી ઑકટોબર, રવિવારના રોજ ચેટ્ટીપલાયમ યોગાશ્રમ, તિરુપુર ખાતે એક 'ઓપન હાઉસ'નું સંચાલન થયું. સત્સંગ પછી ઝોન-ઈન-ચાર્જ ભાઈ શ્રી ટી. વી. વિશ્વનાથ રાવે સહભાગીઓને આવકાર્યા. કુલ ૪૫ આમંત્રિતોએ આ કાર્યક્રમમાં હાજરી આપી. કેંન્દ્ર અધ્યક્ષ ભાઈ શ્રી શણમુગમ અને ભાઈ શ્રી એન.પી. પ્રકાશે સહજ માર્ગ પદ્ધતિ વિશે વિગતવાર જણાવ્યું. ૨૦ જણે મિશનમાં જોડાવાની તૈયારી દર્શાવી અને તેમણે તે જ દિવસે પ્રથમ પ્રારંભિક બેઠક લીધી.

## રાયપુર

રાયપુર કેંન્દ્રે ૨૩મી સપ્ટેમ્બરના રોજ ૬૫બીએન સીઆરપીએફ હેડકવાર્ટર્સ, બારદેર કેમ્પ ખાતે 'જવાનો દૈનિક જીવનમાં ધ્યાન' વિષય ઉપર ઓપન હાઉસનું આયોજન કર્યું.



બહેન રજની દત્તાએ માનવના મનની અસ્થિરતાને ઉછળતા દડા તરીકે વર્ણવી અને અસ્થિર મનના આ ઉછાળને ઘટાડવાની જરૂરિયાતને જણાવી. જવાનોના દૈનિક જીવનમાં ધ્યાનની ભૂમિકા ભાઈ શ્રી દીપક ત્યાગી દ્વારા સમજાવાઈ. તેમણે ધ્યાનની અગત્યતાને વર્ણવી જે આપણને માત્ર અંતિમ સત્ય સાથે જ નથી જોડતી પણ કુટુંબ અને દેશની ખુશી અને સાચા અર્થમાં સંતોષ સાથે જોડે છે, જવાનોને પ્રશ્નો અને શંકાઓ હતા, જે ભાઈ શ્રી ત્યાગી દ્વારા દૂર કરાયા. સમસ્યાઓમાંની ઘણીખરી તણાવ, થાક, અજ્ઞાત ભય, નિરાશા, નિંદ્રાનો અભાવ વગેરે સંબંધિત હતી. ભાઈ શ્રી ત્યાગીએ ધ્યાનની શક્તિ ઉપર ભાર મૂક્યો અને સહજ માર્ગ દરેક સમસ્યાની સંભાળ લેતી અસાધારણ પધ્ધતિ તરીકે ગણાવી.

November 2010 Volume 3 Issue 6

SHRI RAM CHANDRA MISSION®
ECHOES INDIA NEWSLETTER



## આલુવા, કેરાલા ખાતે વીબીએસઈ પર વર્કશોપ અને સેમિનાર



અલુવા કેન્દ્રે કેરાલા ઝોનલ આશ્રમ ખાતે ર૯મી સપ્ટેમ્બર, ર૦૧૦ના રોજ ધોરણ પાંચથી દસના બાળકો માટે વીબીએસઈ ઉપર પરિસંવાદ આયોજીત કર્યો હતો. વિવિધ શાળાઓમાંથી પિસ્તાળીસ વિદ્યાર્થીઓએ આ પરિસંવાદમાં ભાગ લીધો હતો. તેનું ઉદઘાટન રાજશ્રી શાળાના આચાર્યા શ્રીમતી સુસાન જોને કર્યું. બાળકો માટે જાહેર વક્તૃત્વ અને વાચન સ્પર્ધાઓ રખાઈ હતી અને અંતે પ્રશ્નોત્તરીના કાર્યક્રમનું સંચાલન થયું હતું. વિદ્યાર્થીઓનો પ્રતિભાવ ઘણો ઉત્સાહપૂર્ણ હતો. તેમનાં માતા–પિતા તરફથી પણ પ્રેરક પ્રતિસાદ મળ્યો હતો. આચાર્યાએ તેણીની શાળાના શિક્ષકો માટે કાર્યશાળાનું સંચાલન કરવા વિનંતિ કરી. પરિણામ સ્વરૂપે, એક દિવસીય વીબીએસઈ રપમી સપ્ટેમ્બર, ર૦૧૦, શનીવારના રોજ રાજશ્રી એસ.એમ.એમ શાળા, કાડુનગલ્લુર ખાતે રખાઈ હતી. ભાઈ એ. માધવન, ભાઈ ટી.પી. નારાયણન, ભાઈ એ. જયપ્રકાશ, અને ભાઈ વિજયકૃષ્ણન કાર્યક્રમ માટેના વક્તા હતા.

## વી.બી.એસ.ઈ જાણકારી –ગુજરાત

વડોદરા કેન્દ્રના ભાઈ શ્રી વિલાસ ભોંડેની નીમણુંક દક્ષિણ ગુજરાત ક્ષેત્રના વી.બી.એસ.ઈ સંકલનકાર તરીકે થઈ હતી. આખા ગુજરાતમાં તથા શિક્ષકોને વી.બી.એસ.ઈ.નો અભ્યાસક્રમ રજૂ કરવા અને તાલિમ આપવા સ્વયંસેવકોની ટુકડીઓ તૈયાર કરાઈ રહી છે. વડોદરા, વાપી, ભાવનગર, અમદાવાદ, સુરત, આણંદ, દમણ, નવસારી,વલસાડ, ભુજ, જામનગર અને રાજકોટ કેન્દ્રો દ્વારા શાળાઓનો સંપર્ક, જરૂરી વસ્તુઓની તૈયારી, સ્વયંસેવકોની તાલિમ વગેરે માટે અભ્યાસીઓને વધારે સારી રીતે જાગૃત કરાઈ રહ્યા છે.

થોડી શાળાઓએ વી.બી.એસ.ઈના વર્ગો પણ શરૂ કર્યા છે. સમગ્ર કાર્યક્રમ એસએમઆરટીઆઈના નવા અભ્યાસક્રમને આધારીત છે, જેણે સહભાગીઓમાં ખૂબ જ ઉત્સુકતા જગાડી છે. છે. શિક્ષકોએ કાર્યક્રમને સંપૂર્ણપણે માણ્યો અને ખાસ કરીને નવીન સહાયક સાધનોથી આકર્ષિત થયા હતા?સ્વયંસેવકો દ્વારા ઉપયોગમાં લેવાતા મોટા કટ–આઉટ્સ, ફ્લેશ કાર્ડ્સ, પાવર પોઈંટ પ્રેઝન્ટેશન, ટૂંકી ફિલ્મો, રમતો અને જૂથ ચર્ચાઓ.

તે નિર્ણય લેવાયો છે કે દરેક અર્ધા દિવસના કાર્યક્રમમાં અભ્યાસીઓની અંદર અલગ અલગ પ્રવૃત્તિઓનું સંચાલન કરવામાં આવશે અને આ અભ્યાસીઓને તેઓની અંદર ''નવરત્ન'' ઠસાવવામાં મદદ કરશે.

હાલમાં વી.બી.એસ.ઈને એક પ્રાયોગિક યોજના તરીકે ગુજરાતના બંન્ને ક્ષેત્રોના અલગ અલગ દસ કેંન્દ્રોની તેર શાળાઓમાં દાખલ કરવાનું આયોજન છે. અભ્યાસક્રમનો ગુજરાતીમાં અનુવાદ બહેન તારા ચૌહાણ અને તેમની અનુવાદક ટુકડી દ્વારા થઈ રહ્યો છે.

## કનકપુરા, દક્ષિણ કર્ણાટક

કનકપુરા ખાતે અભ્યાસીઓને વી.બી.એસ.ઈ. પરિસંવાદનું આયોજન કરવા માટે કનકપુરા લાયન્સ કલબના સભ્યો ભાઈ શ્રી સ્વામી, અને ભાઈ વેંકટેશ મદદ કરવા આગળ આવ્યા હતા. ૧૩મી સપ્ટેમ્બરના રોજ લાયન્સ ઉચ્ચતર પ્રાથમિક શાળા અને હંસાવાહિની ઉચ્ચતર પ્રાથમિક શાળા માટે શિક્ષક તાલિમ કાર્યક્રમ આયોજિત કર્યો હતો, જેમાં છત્રીસ શિક્ષકોએ ભાગ લીધો હતો.

બહેન માધુરીએ બેઠકનું સંચાલન કર્યુ હતું, જેની શરૂઆત પાંચ મિનીટની મૌન પ્રાર્થનાથી થઈ હતી. તેણીએ શ્રી રામચંદ્ર મિશનનો ટૂંકો પરિચય આપ્યો અને 'મૂલ્યો શું છે', 'મૂલ્યોની જરૂરીયાત', 'શિક્ષક અને માતા–પિતાની ભૂમિકા', 'બાળકો માટે યોગ્ય વાતવરણનું સર્જન' અને બીજા ઘણાં વિષયો ઉપર તેણીએ વક્તવ્ય આપ્યું હતું. રમતો, નાટક અને જૂથ–ચર્ચાઓ બેઠકના અંગો હતા. સહભાગીઓમાં ઊંચો ઉત્સાહ દેખાયો. શિક્ષકો વી.બી.એસ.ઈને તેઓના વર્ગોમાં અમલમાં મૂકવાના દ્રઢ નિશ્ચય સાથે પાછા ગયા.

કનકપુરામાં વી.બી.એસ.ઈ ટુકડી નિયમિત રીતે શાળાઓમાં ફરીથી મુલાકતો લેશે અને શિક્ષકો સાથે અનૌપચારિક ચર્ચાઓ કરશે અને જો કાર્યક્રમના અમલ માટે કોઈ મદદની જરૂર હોય તો તેની ભાળ મેળવશે અને તેમનો પ્રતિસાદ પણ મેળવશે.

## રાંચી

''સાથીદારોને લાભ ન આપવો અને માત્ર જ્ઞાન ખાતર જ્ઞાન આપવું, એ બંધ થયેલો રસ્તો છે અને તે ફક્ત અપરિપૂર્ણ નિરાશાઓની અંધારી ગલીઓ તરફ દોરી જાય છે. જ્યાં સુધી તે વિદ્યાર્થીના ચારિત્ર્યને ઘડે ન શકે અને તેમને જીવનના મૂલ્યો આપી ન શકે, ત્યાં સુધી ભણતર એ અર્થવિહીન પધ્ધતિ છે, શૈક્ષણિક સંસ્થાઓએ તે સુનિશ્ચિત કરવું પડશે કે ભારતમાં દરેકદરેક વિદ્યાર્થી એવી રીતે શિક્ષિત થાય કે એક અનુપમ રાષ્ટ્ર બનાવવા તેનામાં શારીરિક અને માનસિક બંન્ને જરૂરી ક્ષમતા આવે. આપણને આપણા પ્રાચીન વારસાનો ગર્વ છે અને આપણે તે સુનિશ્ચિત કરવું પડશે કે આપણું ભવિષ્ય પણ ભવ્ય હોય.'' ડૉ. (શ્રીમતી) સરલા બિરલા.

રાંચી ખાતે વી.બી.એસ.ઈ સ્વયંસેવકોએ સ્થાપક સરલા બિરલા દ્વારા અપાયેલા વક્તવ્ય ઉપર મૂલ્યો બનાવ્યા અને પચાસ શિક્ષકોના શ્રોતાગણ સમક્ષ નવો અભ્યાસક્રમ અને તેની જરૂરીયાત રસપ્રદ ઉદાહરણો સાથે રજુ કર્યો, જેઓ ચાર કલાક લાંબા કાર્યક્રમ દરમ્યાન આનંદમગ્ન ધ્યાનથી બેઠા હતા. તેમણે તેમના અભ્યાસક્રમના કાર્યક્રમને એસએમઆરટીઆઈ સાથે કેવી રીતે સંકલિત કરવો, તે માટે શાળા વધારે વાતચીત માટે સહમત થઈ હતી.

સ્વયંસેવકો, સુનંદા ચૌહાણ, અનિતા તિવારી, શીતલ ચૌહાણ, સંગીતા સોમાની, મનોજ તિવારી, ડૉ શ્યામ નારાયણ, રામાવતાર સાહુ, શોભા સાહુ, અરૂણ કુમાર લાલ આ કાર્યક્રમના સંચાલનમાં અને તેને ગોઠવવામાં સંકળાયેલા હતા.

November 2010 Volume 3 Issue 6
SHRI RAM CHANDRA MISSION®
ECHOES INDIA NEWSLETTER

# વિદ્યાર્થીઓ અને યુવાનોને પ્રોત્સાહિત કરવા



## અમદાવાદ પરિસંવાદ

અમદાવાદના નિરમા યુનિવર્સિટીના તાલિમાર્થીઓના એક જૂથે રસ્તા ઉપર એસઆરસીએમનું બોર્ડ વાચ્યું હતું, જે કહેતું હતું, 'ધ્યાન થકી મનનું નિયમન.' તેથી તેઓ મિશન વિષે જાણવા ખૂબ ઉત્સુક થયા અને તેથી અડાલજ આશ્રમ ખાતે એક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. ૨જી ઑક્ટોબર, ૨૦૧૦ના રોજ નેવું મિનીટનો આ પરિસંવાદ એવા સહભાગીઓ માટે હતો કે જેમનું વયજૂથ ૧૯–૨૩ વર્ષનું હોય. તેનું સંચાલન સેન્ટર–ઈન–ચાર્જ ભાઈ શ્રી જિગ્નેશ દ્વારા થયું હતું. અભિલાષીઓને તેમના શહેરના સેન્ટર–ઈન–ચાર્જના સંપર્ક માટેની માહિતી અપાઈ. આ ઘણો રસપ્રદ કિસ્સો હતો જેમાં અભિલાષીઓ મિશનના સાઈન–બોર્ડથી મિશન તરફ આકર્ષાયા હતા.

## સિદ્દિપેટ, આંન્ધ્ર પ્રદેશ.

એસઆરસીએમ દ્વારા સૂચિત કરાયેલા વિચાર પ્રેરક વિષયો દ્વારા પ્રેરિત નિબંધ લેખન પ્રતિયોગિતા, ૨૦૧૦ તાજેતરમાં સંપન્ન થઈ. ડૉ. વેંકટ રામન, આચાર્ય, સ્ત્રીઓ માટેની સરકારી ડીગ્રી મહાશાળા, ગજવેલ, આંન્ધ્ર પ્રદેશ, તેમણે સિદ્દીપેટ કેંન્દ્રને 'મનનું નિયમન' વિષય ઉપર ઉપસ્નાતક વિદ્યાર્થીઓની જાગૃતિ માટે પરિસંવાદનું આયોજન કરવા વિનંતી કરી હતી. ૬ઠી ઑક્ટોબર, ૨૦૧૦ના રોજ અલગ અલગ પ્રવાહના લગભગ એંશી વિદ્યાર્થીઓએ પ્રતિક્રિયાત્મક પરિસંવાદમાં ભાગ લીધો. પ્રશિક્ષકોએ 'ધ્યાન થકી મનનું નિયમન' અને 'જીવનમાં વહેલા લક્ષ્ય નક્કી કરવાની જરૂરીયાત' જેવા વિષયો ઉપર વકતવ્યો આપ્યા હતા.

## ખાનાપુર, ઉત્તર કર્ણાટક

૯મી સપ્ટેમ્બરના રોજ, ખાનાપુર, જીલ્લા બેલગામ, ખાતે મરાઠા મંડળની આટ્ર્સ અને સાયન્સ મહાશાળા ખાતે 'હાલના સંજોગોમાં ઉચ્ચતર શિક્ષણમાં પ્રસ્થાપિત આધ્યાત્મિક રીતોની જરૂરીયાત' વિષય ઉપર રાજ્ય સ્તરના પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. એસઆરસીએમને પણ ભાગ લેવા અને મહાશાળાના સંભારણા પ્રકાશિત કરવા લેખ રજૂ કરવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. આખા રાજ્યમાંથી લગભગ ૧૫૦ પ્રતિનિધિઓ અને વિદ્યાર્થીઓ ભેગા મળ્યા હતા. ભાઈ શ્રી રાજુ કાશમ્પુકરે મિશનનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને હાલની પરિસ્થિતિમાં આધ્યાત્મિકતાની જરૂરીયાત, માનવ  જીવનનું સાચું લક્ષ્ય, પ્રસ્થાપિત આધ્યાત્મિક પદ્ધતિઓ, જે યુવાવર્ગ દ્વારા લઈ શકાય જેવા વિવિધ મુદ્દાઓને આવરી લેતા વિષયો ઉપર બોલ્યા હતા. પછી, જેમણે પધ્ધતિમાં રસ બતાવ્યો, તેમને મિશનની પત્રિકાઓ વહેંચવામાં આવી હતી.

## એડવાન્સ્ડ યુવા પરિસંવાદ, બેંગલોર.

૧૦–૧૨મી સપ્ટેમ્બર દરમિયાન, બેંગલોર ખાતે ત્રણ દિવસીય આવાસી એડવાન્સ્ડ પરિસંવાદ રાખવામાં આવ્યો હતો. વિષય હતો "આપણે–ભવિષ્ય." આ ઝોનના યુવાનોને સાધનાના વિવિધ મુદ્દાઓ, જેવા કે દસ નિયમો, પરિવર્તન માટેનો અવરોધ, લક્ષ્યનો સ્વીકાર, અહમનો પડકાર, નિ:સ્વાર્થ સેવા, ભવિષ્યના ધ્વજ–ધારકો તરીકેની ફરજો, વગેરે વગેરેની ઊડી સમજ પ્રાપ્ત થાય, તે માટે હતો. ૨૦થી ૩૫ વર્ષની વયજૂથના, સહજ માર્ગ હેઠળ ત્રણ વર્ષથી વધારે સમયથી સાધના કરતા હોય, તેવા ૩૧ અભ્યાસીઓ પરિસંવાદમાં હાજર હતા.

યુવાનો સાથે વાતચીત કર્યા પછી ધ્યાન આપવા જેવા મુદ્દાઓને પરિસંવાદ પહેલા જ નક્કી કરવામાં આવ્યા હતા. પોતાની અત્યાર સુધીની મુસાફરીમાંથી અને તેમના માસ્ટર સાથેના આદાનપ્રદાન થકી તેમની પાસેથી શું શીખ્યા, તે સૈધાંતિક મુદ્દાઓને વ્યવહારિક સૂઝ સાથે પ્રમાણભૂત કરીને સંકલનકારોએ ઉત્તમ કામ કર્યું.

પ્રતિસાદ ખૂબજ ઉત્સાહપ્રેરક હતો. કેટલાકે અભિવ્યકત કર્યું કે તેમને પ્રથમ વાર મન અને હૃદય વચ્ચેનો તફાવત સમજવા મળ્યો. કેટલાકે કહ્યું કે તેઓ સાધનાને પ્રતિબધ્ધ રહેશે. આ પરિસંવાદ સહજ માર્ગના વિવિધ મુદ્દાઓને ઘણો ઊંડો લઈ ગયો છે.

## મેંગલોર, દક્ષિણ કર્ણાટક

'એસઆરસીએમ'એ શ્રીનિવાસ ઈંસ્ટીટ્યુટ ઓફ મનેજમેંન્ટ સ્ટડીઝ, મેંગલોર ખાતે, ૧૮મી સપ્ટેમ્બરના રોજ ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું. મહેમાનના વ્યાખ્યાન સમય દરમિયાન ભાઈ શ્રી પ્રસાદ કૃષ્ણએ કાર્યક્રમનું સંચાલન કર્યું જેમાં  ૧૨૦ જેટલા એમ.બી.એ.ના વિદ્યાર્થીઓ હાજર હતા. વકતવ્યનો વિષય હતો, 'મનના નિયમન માટે ધ્યાન' ભાઈ કૃષ્ણએ જીવનમાં લક્ષ્યની જરૂરીયાત અને સમયના શ્રેષ્ઠ ઉપયોગ વિષે સમજાવ્યું. તેથી વર્તમાન ક્ષણનો હેતુપૂર્વક અને અસરકારક રીતે શ્રેષ્ઠ ઉપયોગ કરવા સહજ માર્ગને અજમાવવા, તેમણે શ્રોતાગણને અમંત્રણ આપ્યું. તેમણે એસઆરસીએમ વિષે અને અહીં અનુસરાતી પધ્ધતિઓ વિષે ટૂંકમાં સમજાવ્યું. આચાર્ય અને ઉપ–આચાર્ય ખુશ હતા. અને ૧૬ વિદ્યાર્થીઓએ મિશનમાં જોડાવા રસ દાખવ્યો અને તેમના નામ આપ્યા હતા.

Khanapur




Bangalore



November 2010 Volume 3 Issue 6

SHRI RAM CHANDRA MISSION®
ECHOES INDIA NEWSLETTER

# દિવ્ય પ્રકાશનું કેન્દ્ર





## સોનેપત, હરિયાણા

સોનેપત આશ્રમ, સેકટર ૧૨ના, વિભાગ ૪ માં, સોનેપત – બહલગઢ રોડ ઉપર, ફઝલપુર પાવર હાઉસની બાજુમાં આવેલ છે. તે રેલ્વે સ્ટેશનથી ૪ કિ.મી અને બસ સ્ટેન્ડથી ૩ કિ.મી. દૂર છે. ન્યુ દીલ્હી – ચંદીગઢ નેશનલ હાઈવે ન. ૧ થી બહલગઢ ચોક માત્ર ૫ કિ.મી. જ દૂર છે. આ ૧૧૪૦ ચોરસ મીટરનો પ્લોટ, હરિયાણા અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી(હુડા)એ ૨૦૦૩ની સાલમાં ફાળવેલો છે. જમીનને લગતા તમામ ખર્ચમાં સોનેપત કેન્દ્રના અભ્યાસીઓએ ફાળો આપેલો છે અને ૫મી ડીસેમ્બર, ૨૦૦૩ના રોજ પૂ.માસ્ટરે તેનું ભૂમિપૂજન કર્યું હતું.

સોનેપત કેન્દ્રના સૌથી યુવાનવયના અભ્યાસીએ ૯મી ઓકટોબર, ૨૦૦૫ના રોજ ખાતમૂર્હત કર્યું, તે પછી મકાનનુ બાંધકામ ચાલુ થયું હતું. આશ્રમનું બાંધકામ ઓકટોબર, ૨૦૦૭માં પૂર્ણ થયું હતું. સોનેપત કેન્દ્રના અભ્યાસીઓએ ઉમદા અને ખુલ્લા દિલથી વસ્તુઓ અને સેવાઓ દ્વારા ફાળો આપેલો છે, જેના લીધે બાંધકામના ખર્ચમાં ખૂબજ ઘટાડો થયો હતો.

૨જી ફેબ્રુઆરી, ૨૦૦૯, વંસંત પંચંમીના રોજ અહીં સૌપ્રથમ સત્સંગ ચોજાચો હતો. આશ્રમના મકાનનું ઉદઘાટન ૭મી ફેબ્રુઆરી, ૨૦૦૯ના રોજ પૂ.માસ્ટરે કર્યું હતું. આ પ્રસંગે બોલતા તેમણે જણાવેલું, કે "જો ઈશ્વરનો કોઈ ધર્મ હોય, અથવા તો તેણે કંઈક કહેવું હોય, અથવા તો પોતાની જાતને રજૂ કરવી હોય, અથવા તો પોતાની જાતને પ્રગટ કરવી હોય, તો ઈશ્વર જ પ્રેમ છે. તેથી જ્યારે આપણને પ્રેમ કરતા આવડે, ત્યારેજ આપણે ઈશ્વર જેવા બની શકીએ."

આશ્રમના ભોંચતળિયાનાં મકાનનું કુલ ક્ષેત્રફ્ળ ૪૧૬૨ ચો. ફ?ટ અને ૪૦૨૭ ચો. ફ?ટ પહેલા માળનું છે. ભોંચતળિચે, એકમાં ૧૦૦ અભ્યાસીનો સમાવેશ થઈ શકે, તેવી બે ડોરમેટરિ છે. ધ્યાનખંડ પહેલે માળે છે, જેમાં બે બાજુએ વરંડો અને એક ઊંચુ મંચ છે. ધ્યાનખંડના ગુંબજમાં એક સુંદર ઝુમ્મર લટકાવેલું છે. ભોંચતળિચે એક સુસજ્જિત અને વિશાળ ઓફિસ આવેલી છે, જેમાં કોમ્પ્યુટર અને પ્રોજેકટર પણ વસાવેલાં છે અને તેનો ઉપચોગ અભ્યાસી ટ્રેનીંગ માટે કરવામાં આવે છે.

રવિવારનો સવારનો અને બુધવાર સાંજનો સત્સંગ અહીં નિચમિત રીતે ચોજવામાં આવે છે. પૂ.માસ્ટરના જન્મદિવસોની ઉજવણીના ભંડારા પણ આશ્રમમાં જ ચોજવામાં આવે છે. દરેક મહિનાના પહેલા રવિવારે આખા દિવસનો કાર્યક્રમ તેમજ અભ્યાસી ટ્રેનીંગ પણ નિચમિત રીતે તે જ દિવસે રાખવામાં આવે છે.

આશ્રમના મકાનની ત્રણ બાજુ ખુલ્લી છે જ્યારે એક પડખે શ્રી રામ શિક્ષા સદન આવેલું છે. બે મોટા દરવાજા અને અંદરના પહોળા રસ્તાઓથી આશ્રમ સંચોજિત છે. સુંદર ઘાંસવાળી જમીન, ફૂલોનો બગીચો અને પાણીના ફુવારા આશ્રમની રમણીચતામાં વધારો કરે છે.







To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org

© 2009 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. "Shri Ram Chandra Mission", "Sahaj Marg", "SRCM", "Constant Remembrance" and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.